# યોહાન બાપ્તિસ્મા કરનારે લોકોને પસ્તાવો કરવા કહ્યું.

**પ્રાર્થના :** આકાશમાંના વ્હાલા પિતા, યોહાન બાપ્તિસ્મા કરનારની જેમ લોકોને પસ્તાવો કરવા અને ખ્રિસ્ત તરફ વાળવા અમારી સહાય કરો. જે વિશ્વાસીઓ પાપ તરફ વળી ગયા છે, તેમને તમારી તરફ વાળવા અમારી સહાય કરો.

**૧. દેવના વચન વડે તમારા હૃદયો તૈયારકરો.**

લુક ૩ :૧-૧૮ માં યોહાન બાપ્તિસ્મા કરનાર કેવી રીતે હજારો પાપીઓને પસ્તાવાની ભૂમિકા પર લાવ્યો તે જૂઓ


- જે લોકો પોતાને સારા માનતા હતા તેઓ પસ્તાવો કરવા આવ્યા ત્યારે યોહાને તેઓને શું કહ્યું ?
- જ્યારે પાપીઓ પોતાના પાપ કબૂલ કરવા આવ્યા ત્યારે યોહાને તેમને માટે શું કર્યું ?



ખોવાયેલા ઘેટાના દૃષ્ટાંતમાંથી (લુક ૧૫ :૧-૧૦) શોધો કે એક પાપી પસ્તાવો કરે છે કે ત્યારે સ્વર્ગમાં કેમ હર્ષનાદ થાય છે.

કેટલાક પાળકો લોકોને આગ્રહથી પસ્તાવો કરાવવા માટે ઠપકો કે ધમકીનો ઉપયોગ કરે છે. પ્રભુ ઈસુએ તેમના દૃષ્ટાંતમાં આપણે કઈ રીતે વર્તવું જોઈએ તેનો વધારે સારો માર્ગ બતાવ્યો છે.

- ધારો કે તમે એક ખોવાયેલું ઘેટું છો પણઉત્તમ ઘેટાંપાળકે તમને શોધી કાઢયા છે.



- તે પ્રેમથી પોતાના હાથોમાં તમને ઊંચકીને તેના ટોળામાં પાછો લઈ જાય છે.
- તમે બીઓ છો કે તે તમને ધમકાવશે કે શિક્ષા કરશે. પણ તમને તો તેના ચહેરા પર પ્રેમ અને આનંદ જ જોવા મળે છે.
- આપણે બધા ઘેટાઓ, વહેલાં કે મોડા કોઈ રીતે અવળે માર્ગે ચઢી જઈે છીએ ખોવાયેલું ઘેટું ઈસુની નજરમાં ઘણું મૂલ્યવાન છે.
- જ્યાં સુધી ભૂલ કરતું ઘેટું મળે નહિ અને પરત ન ફરે ત્યાં સુધી બાકીના ઘેટાંઓને તે રાજીખુશીથી છોડીને શોધવા નીકળે છે.
- જો આપણે અવળે માર્ગે ચઢી જઈએ તો પણ ઈસુ આપણા પર પ્રેમ કરે છે. આપણા પર એટલો પ્રેમ રાખે છે કે તેણે આપણે માટે પોતાનો પ્રાણ આપ્યો. રૂમી ૫ :૮.

- પાપીઓને પસ્તાવો કરવા બોલાવવાનો અથવા પડી ગયેલા વિશ્વાસીને ઊભા કરવા માટેનો ઉત્તમ માર્ગ તે પ્રેમ છે. નહિ કે શિક્ષાત્મક પગલાનો.
- જો તમે બાળકને ગુસ્સાથી શિક્ષા કરો તો તે ગુસ્સાભર્યો પ્રતિભાવ આપશે. પણ જો તમે તેને પ્રેમથી સમજાવશો તો તે શીખશે.
- જ્યારે ટોળાનો કોઈ સભ્ય અવળે માર્ગે જાય તો તમારો હેતુ તેને ઊભા કરવાનો હોવો જોઈએ, શિક્ષાનો નહિ. પાઉલ પ્રેરિતે ગલાતી ૬ :૧માં કહ્યું, " ભાઈઓ, જો કોઈ માણસ કંઈ અપરાધ કરતાં પકડાય, તો તમે, જે આત્મિક છો, તે તમે એવાને નમ્ર ભાવે પાછો ઠેકાણે લાવો, અને તું તારી પોતાની સંભાળ રાખ, રખેને તું પણ પરીક્ષણમાં પડે."
- ઘણીવાર આપણે કોઈને ઊભા કરવા માટે તીવ્ર પગલાં ભરવા પડે, આમ છતાં આ બધા પાછળ કેવળ પ્રેમ હોવો જોઈએ.

## ૨. સાથીદારો સાથે અઠવાડીયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.

જેઓને ખ્રિસ્તની જરૂર છે તેવા મિત્રોની મુલાકાત લો અને તેમને સમજાવો કે દેવ તેમના પર પ્રેમ કરે છે. તે તેમના પાપ માફ કરશે અને તેમને સાચી પવિત્રતા અને આનંદ સાથેનું નવું અનંતજીવન આપશે.

પતિત વિશ્વાસીઓની **મુલાકાત લો** અને ગલાતી. ૬ :૧ પ્રમાણે તેમને ઉઠાવો.

- તેમને તેમના તારણ પામ્યાનો અનુભવ યાદ કરવામાં સહાય કરો.
- તેઓ દેવને તેમના પાપની ખાત્રી કરાવવા દેવા માંગે છે કે કેમ તે જૂઓ.
- તેઓ દેવનો મહાન પ્રેમ સમજે છે કે નહિ તેની ચકાસણી કરો.
- તેમની સાથે પ્રાર્થના કરો કે દેવ તેમના જીવનો બદલે.

## ૩. તમારા સાથીદારો સાથે આગામી ભજનસેવાનું આયોજન કરો.

ચાલુ જરૂરિયાતો અને રસમો પ્રમાણેની પ્રવૃત્તિઓ પસંદ કરો.

યોહાન બાપ્તિસ્મા કરનારની વાર્તા લુક ૩ :૧-૧૮ પ્રમાણે **કહો કે ભજવી બતાવો.** ભાગ ૧ પ્રમાણેના પ્રશ્નો પૂછો.

**ખોવાયેલા ઘેટાનું દૃષ્ટાંત કહો કે ભજવો** ભાગ ૧ ઉપરથી સમજાવો કે કેવી રીતે આપણે લોકોને પસ્તાવો કરવા બોલાવવા જોઈએ અથવા ખોવાયેલા ઘેટાંને સુધારવા જોઈએ. ઈસુના સૂચવ્યા પ્રમાણે તે જણાવો.

તારણ માટે માણસ કેવો માર્ગ અપનાવે છે અને દેવ તે વિષે શું કહે છે તે **સમજાવો.**

- પસ્તાવો કરવો એટલે હૃદયનું બદલાણ અને દેવ પર વિશ્વાસ તે છે. (યોહાન ૩ :૧-૮)
- વિશ્વાસીઓને દેવ માફી બક્ષે છે અને સદા તેના સંતાનો તરીકે મુદ્રિત કરે છે. તેનો પવિત્ર આત્મા આપણને નવો જન્મ આપે છે (એફેસી. ૧ :૧૩-૧૪)

**પ્રભુની મેજ**ની સેવા માટે લુક ૩ :૪-૭ વાંચો જેમાં યોહાન બાપ્તિસ્મા કરનાર પાસે લોકો આવે છે અને પોતાના પાપ કબૂલ કરે છે તે વાત છે.

આ બાબત આપણે વિશ્વસીઓ મેજમાં ભાગ લેતા પહેલાં જ કરીએ છીએ તેના જેવી છે. આપણે આપણી પરીક્ષા કરીએ છીએ અને આપણા પાપ દેવ આગળ કબૂલ કરીએ છીએ. ૧ કો. ૧૧ :૨૮

**બાળકોને** જાખીનું નાટક રજુ કરવા દો. નાટક પછી તૈયાર કરેલા પ્રશ્નો બાળકો પૂછી શકે.

આપણા નવા જન્મમાં માણસોનો ભાગ અને દેવનો ભાગ સમજાવો.

- આપણો ભાગ એટલે પસ્તાવો (માફી અને હૃદયના બદલાણ માટે દેવ પર વિશ્વાસ) રૂમી ૧૨ :૨

- દેવનો ભાગ - તે આપણામાં નવું જીવન રેડે છે અને તેના બાળકો તરીકે સદાકાળને માટે આપણને મુદ્રાંકિત કરે છે ૧ પીતર ૧ :૩, એફેસી ૧ :૧૧-૧૪
- પહેલાં યાકૂબ ૨ :૧૪-૨૩ વાંચો, પછી પૂછો
- યાકૂબ ક્યા બે પ્રકારના વિશ્વાસ વિષે કહે છે ?
- **પૂછો :** બે પ્રકારનો વિશ્વાસ કઈ બાબતે ભિન્નતા ધરાવે છે ? (દેવ જે વિશ્વાસ ચાહે છે તે જીવન બદલનારો અને સારા કાર્યોમાં પરિણામનારો છે. જે વિશ્વાસ પસ્તાવા સાથે શરૂ થતો નથી તેનાથી સાવધ રહો. યાકૂબ કહે છે કે શેતાન પણ વિશ્વાસ કરે છે અને ધ્રુજે છે )
- 'શેતાન નવા પાળકના કાનમાં વાત કરે છે' તે ગીત વાંચો.આ પ્રમાણે છે

જૂઠો તાકે બાણ, બાણ ઉડે છે ! ઝેર જૂઠ રૂપી તે વહે છે

આ ખૂંખાર બાણનો કાતિલ સંદેશ ? ના પૂછો શું ખ્રિસ્ત છે દિલમાં ?

આપો ફકત વચન કૃપાના, ભૂલો નિયમ દેવની વાત, ઉભરાવો મહેરામણથી દેવળો,

પસ્તાવાની વાત મૂકો બાજુએ કે દેવના મોકલેલાને ઓળખાવાનું છોડો

છેડશો નહિ લોક મિજાજને, ના આણશો આંસુ, કાનની ખંજોળને મજા કરાવો.

ઉપજાવો વિશ્વાસ એવો - ફળરહિત, જેનાથી હું ધન્ય ધન્ય થાઉં !

લોકોને સાક્ષી આપવા દો કે દેવે તેમને પસ્તાવો કરવામાં કેવી રીતે સહાય કરી છે.

અહીં એક જુવાન સન્નારીની સાક્ષી છે ''વર્ષો સુધી હું એક ગુરુની શિષ્યા હતી સંસ્કૃતમાં મંત્રો બોલતી અને આશ્રમમાં રહેતી હતી. મારી પોતાની હકીકત ઉત્પન્ન કરવા પાછળ હું લગભગ મરણ સુધી પહોંચી. એક દિવસ મને ખબર પડી કે હુ એક હતાશ પાપી છું અને મારી જાતને બચાવી શકતી નથી. ફક્ત ઈસુ જ મારા પર પ્રેમ રાખે છે અને બચાવી શકે છે મેં તે વ્યર્થ દેવોને પડતા મૂક્યા મારા અવિશ્વાસના પાપ માટે દેવની માફી માંગી અને મારું જીવન પ્રભુ ઈસુને સોંપ્યું.''

માર્ક ૧ :૫ સાથે મળીને **મુખપાઠ કરો.**

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.